Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી આત્માનંદ પ્રકાશ

આત્મ સં. ૮૩ (ચાલુ) વીર સં. ૨૫૦૪
વિક્રમ સં. ૨૦૩૪ માગશર

વાર્ષિક લવાજમ રૂા. ૭

## શોધી લે ભાઈ

( ગીત )

સંત તણો સથવારો શોધી લે ભાઇ, સંત તણો સથવારો;
મુક્તિપંથનો મારગ ન્યારો, કેમ કરી પ્હોંચવાનો. શોધી લે ભાઇ
સંસાર સાગરે તરવું તારે, દૂર ઘણો રે કિનારો;
મજધારે નથી ડૂબવું તારે, નાવિકનો પતવારો. શોધી લે ભાઈ
મંઝીલ ના દિસે ને મારગ લાંબો, ખાડા ટેકરાવાળો;
એકલા એકલા ના ભમવું તારે, પંથનો પહેચાણનારો. શોધી લે ભાઈ
તારા અંતરમાં આતમ છૂપાયો, અજ્ઞાને ના દિસે;
આત્મજ્ઞાનની જ્યોત જલાવવી સંત તણાં સત્‌સંગે. શોધી લે ભાઈ
આ સંસારે જીવવું તારે, જળ કમળની રીતે;
એ રે કળાનો ભેદ પામી લે, સદ્‌ગુરુની જ સમીપે. શોધી લે ભાઇ
જ્ઞાનતણી જ્યારે જ્યોત પ્રકાશે, અંતરે થાય અજવાળાં;
એ અજવાળે નીરખી લેવી, જગજીવનની માયા. શોધી લે ભાઇ
જગજીવનને શરણે જઈને, જળ-કમળ તારે થાવું;
મુક્તિપંથનો મારગ આ છે, સંસારે સંત થાવું. શોધી લે ભાઈ
સાચા સંતને જાણીશ કેમ તું, ભગવાથી ના ભરમાનો;
અંતર તારૂં જ્યાં ડોલી રે ઊઠે, સદ્‌ગુરુ એ છે સાચો. શોધી લે ભાઇ
સંત તણો સથવારો શોધી લે ભાઇ, સંતતણો સથવારો. શોધી લે ભાઇ

—ડૉ. ધીરજલાલ મુનિ ( અમરગઢ )

પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર

પુસ્તક : ૭૫ ] ડીસેમ્બર : ૧૯૭૭ [ અંક : ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# : અનુક્રમણિકા :



| લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|
| अहिंसा प्रतिष्ठायां तत्सन्निधौ वैरत्यागः | સ્વામી વિવેકાનંદ | ૧૭ |
| મનનું રહસ્ય અને તેનું નિયંત્રણ | વિઠલદાસ એમ. શાહ | ૧૮ |
| સ્વ. મનસુખલાલભાઇના વિચાર પુષ્પો | રક્તતેજ | ૨૦ |
| આર્દ્રકુમાર | સુશીલ | ૨૩ |
| જૈન ધર્મમાં સ્યાદ્વાદ | પં. શ્રી પૂર્ણાનન્દવિજયજી | ૨૮ |
| સમાચાર સંચય | | ૩૧ |



## સ્વર્ગવાસ નોંધ

પાલીતાણાવાળા (હાલ–ભાવનગર) શાહ મનસુખલાલ જુઠાભાઈ (ઉં. વર્ષ ૪૮) સંવત ૨૦૩૪ના કારતક વદ ૭ તા. ૩–૧૨–૭૭ને શનીવારના રોજ ભાવનગર મુકામે સ્વર્ગવાસી થયા છે, તે જાણી અમો ઘણા જ દીલગીર થયા છીએ. તેઓ શ્રી ખુબ મળતાવડા સ્વભાવના તેમજ ધાર્મિક લાગણીવાળા હતા. તેઓશ્રી આ સભાના આજીવન સભ્ય હતા. પરમ કૃપાળુ પરમાત્મા તેમના આત્માને શાંતી આપે તેવી પ્રાર્થના.

*With best compliments from :*

**Steelcast Bhavnagar Private Ltd.**

Manufacturers of :
STEEL & ALLOY STEEL CASTINGS

Ruvapari Road,
BHAVNAGAR 364 001
( Gujarat )

Gram : STEELCAST
Telex : 0162-207
Phone : 5225 (4 Lines)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

• તંત્રી : શ્રી ગુલાબચંદ લલ્લુભાઈ શાહ •

| વર્ષ : ૭૫ | વિ. સં. ૨૦૩૪ માગશર : ૧૯૭૭ ડીસેમ્બર | અંક : ૨ |
|---|---|---|

## अहिंसा प्रतिष्ठायां तत्सन्निधौ वैरत्यागः

અહિંસામાં પ્રતિષ્ઠિત (દૃઢ) થવાથી તેની હાજરીમાં સૌ કોઈમાંથી વૈરભાવ નીકળી જાય છે.

× × ×

હિંસા, અસત્ય વગેરે પછી એ પોતે કરી હોય, બીજા પાસે કરાવી હોય અથવા કોઈ કરતું હોય તેને અનુમોદન આપ્યું હોય; જે લોભથી કે ક્રોધથી કે મોહથી ઉત્પન્ન થયાં હોય, તે પરિણામે અનંત દુઃખ અને અનંત અજ્ઞાન લાવે છે.

× × ×

જો હું અસત્ય બોલું કે બીજાને બોલવા પ્રેરૂં તે એક-સરખું જ પાપ છે. જુઠાણું ભલે સાવ નાનું હોય, છતાં પણ એ જુઠાણું તો છે જ. એકે એક દુષ્ટ વિચાર આઘાત ખાઈને પાછો આવવાનો જ. ધિક્કારનો દરેકે દરેક વિચાર, પછી ભલે તે ગુફામાં પેસીને કર્યો હોય પણ તે સંઘરાઈ રહે છે, અને આ જીંદગીમાં તે પ્રચંડ શક્તિ સહિત દુઃખરૂપે તમારી પાસે પાછો આવશે. જો તમે ધિક્કાર અને ઈર્ષ્યાની ભાવના સેવશો, તો તે તમારા પર ચક્રવૃદ્ધિ વ્યાજ સાથે આવી પડશે. એકવાર તમે તેને વહેતા કર્યા એટલે પછી તમારે તેનાં ફળ ભોગવવાનાં જ. કોઈ પણ શક્તિ તેને રોકી શકતી નથી.

—સ્વામિ વિવેકાનંદ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મનનું રહસ્ય અને તેનું નિયંત્રણ

—વિઠ્ઠલદાસ એમ. શાહ

ભૌતિક વિજ્ઞાનમાં પૂર્વાકર્ષણ શક્તિ એક પારિભાષિક શબ્દ છે. જો કે શક્તિરાશિ સંચિત થાય છે તો પણ તેનામાં પ્રવાહ નથી હોતો. ચુંબકની સાથે સંબંધ થાય પછી જ પૂર્વાકર્ષણ શક્તિ દ્વારા વિદ્યુત પ્રવાહ થવા લાગે છે. એવી જ રીતે માનસિક શક્તિ કે જે જુદા જુદા અનાવશ્યક સાંસારિક વિષયોમાં વિચ્છિન્ન થાય છે, તેને આધ્યાત્મિક પ્રયોજનમાં ઉચિત માર્ગે પ્રવાહિત કરવી જોઇએ.

જો દર્પણ સ્વચ્છ નથી હોતું તો તેમાં મુખાકૃતિ સ્પષ્ટ નથી દેખાતી. એવી રીતે જો મનરૂપી દર્પણ કામ, ક્રોધ વગેરે છ વિકારોના મળથી મલીન હોય છે તો મનમાં બ્રહ્મનું પ્રતિબિંબ નથી દેખાતું. જ્યારે તે પુરેપુરૂં સ્વચ્છ, સાત્વિક થઈ જાય છે ત્યારે તેનામાં બ્રહ્માનુભવની યોગ્યતા આવે છે.

જેવી રીતે જુદા જુદા પ્રકારના વિચારો માટે મગજમાં જૂદા જૂદા વિભાગ હોય છે, તેવી રીતે માનસિક શરીરમાં જુદા જુદા કટિબંધ હોય છે.

મનને વશ કરવા માટે સાત પ્રકારના પ્રયત્ન કરવા પડશે.

(૧) કામના, વાસના અને તૃષ્ણાથી અલગ રહેવું પડશે.

(૨) ભાવનાઓને વશીભૂત કરવી પડશે તથા ક્રોધ અને બેચેનીથી બચવા માટે મનોરાગને દબાવવો પડશે.

(૩) સ્વયં મનનો નિરોધ કરવો પડશે, જેથી વિચારો શાંત અને સ્થિર રહી શકે.

(૪) મન દ્વારા સ્નાયુઓ પર અધિકાર જમાવવો પડશે, જેથી કરીને તેઓ યથાસંભવ ઓછામાં ઓછા ઉત્તેજિત થાય.

(૫) અભિમાન છોડવું પડશે. અભિમાન મનને દૃઢ કરે છે, તે મનનું બીજ છે. જ્યારે આપણે નિરભિમાન થઇ જશું ત્યારે બીજાની આલોચનાઓ, નિંદા અને તિરસ્કારનો આપણા ઉપર જરા પણ પ્રભાવ નહિ પડે.

(૬) આપણી સમસ્ત આસક્તિઓને નષ્ટ કરી દેવી પડશે.

(૭) સમસ્ત અભિલાષાઓનો ત્યાગ કરવો પડશે.

ક્ષમા, ધૈર્ય, સંતોષ, દયા, વિશ્વપ્રેમ, ઉદાસીનતા તથા નિરભિમાનતાના અભ્યાસ દ્વારા આપણે અશુભ ભાવનાઓને દૂર કરી શકીએ છીએ. અશુભ વાસનાઓની નિવૃત્તિ થયા પછી પણ અસંતોષની સૂક્ષ્મ ક્રિયા બચી જાય છે. એ નજીવી અડચણને દૂર કરવી જોઈએ, કેમકે યોગયુક્ત થવાની ઇચ્છા કરનાર પુરૂષ માટે એ મહાન દોષ છે.

બુદ્ધિ ક્રોધરૂપી વાદળાંથી આચ્છાદિત થઈ જાય છે. જ્યારે તમે ક્રોધ કરવાના વિચારને પણ ભૂલી જાઓ છો ત્યારે પણ ક્રોધ તમારા મનમાં ઉતરી રહ્યો હોય છે. તેનો પ્રભાવ કેટલોક વખત રહે છે. રોષાત્મક વિચારોનું વારંવાર ચિંતન કરવાથી દ્વેષની માત્રા વધી જાય છે. વારંવાર ક્રોધથી ખરાબ વિચાર પણ વધીને દ્વેષમાં પરિણમે છે. જ્યારે મન અત્યંત ક્ષુબ્ધ હોય છે ત્યારે આપણે કોઈ પુસ્તકનું અવતરણ સ્પષ્ટ સમજી શકતા નથી, આપણે સ્પષ્ટ રીતે વિચાર કરી શકતા નથી. શાંતચિત્તે પત્ર નથી લખી શકતા. ક્રોધ મગજને, સ્નાયુઓને અને લોહીને દૂષિત કરી મૂકે છે.

પક્ષપાત મગજ તથા મનને નિકૃષ્ટ બનાવી દે છે; પક્ષપાતી મનુષ્ય વાસ્તવિકરૂપે ચિંતન



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

નથી કરી શકતો. પક્ષપાત મનુષ્યના ભૌતિક શરીર ઉપર વ્રણની જેવો છે. જેનાથી મનુષ્યની ઇચ્છાશક્તિ દ્રવિત થઇને ઘટતી જાય છે. તમારા વિચાર ઉદાર રાખો. પ્રત્યેક દર્શન અને પ્રત્યેક ધર્મને માટે તમારા હૃદયમાં સ્થાન રાખો. મનુષ્યની યોગ્યતા, સ્વભાવ તથા વિકાસાવસ્થા પ્રમાણે કોઈપણ દેશમાં કોઇપણ ધર્મ અનુકુળ હોય છે. બધા સંપ્રદાય તથા સમાજ પોતપોતાને ઉપયોગી ઉદ્દેશ લઇને કામ કરે છે. પક્ષપાત કેવળ સુક્તિવગરની તુચ્છતા છે. તેને પ્રયત્ન અને શુદ્ધ વિચાર વડે દૂર કરવો જોઈએ.

તમારા માનસક્ષેત્રને શુદ્ધ કરો, પ્રિયપાત્રને પધરાવવા માટે આસન તૈયાર કરો. ઈહલૌકિક વિચારોને હઠાવી દો કે જેથી તમારૂં માનસક્ષેત્ર પ્રભુના સિંહાસનને યોગ્ય બની શકે.

હજારો કામનાઓએ તમારા હૃદયને ખાઈ બનાવી છે. લાખો અભિલાષાઓ અને ઉદ્દેશ્ય ભરેલા છે. જ્યાં સુધી પ્રભુનાં રાજ્ય(તમારૂં હૃદય) માંથી એને દૂર નહિ કરો ત્યાં સુધી તેને બેસાડવાને તમે સ્થાન કેવી રીતે તૈયાર કરી શકશો?

આપણે સ્ત્રી, પુત્ર, ધનનો ત્યાગ કરી શકીએ છીએ, પરંતુ અભિલાષા, નામ તથા યશનો ત્યાગ કરવો અત્યંત કઠિન છે. યશની અભિલાષા યોગમાં મહાન્ વિઘ્નરૂપ છે. એ માયાનું એક અત્યંત જબરજસ્ત અસ્ત્ર છે, જે વડે તે સાંસારિક પુરૂષોનો નાશ કરે છે.

યોગી પુરૂષ આત્મસંયમ અને આત્મશાસનદ્વારા એક જ વખતે બે સ્થાનોમાં કામ કરતા શીખે છે, અર્થાત્ એવે સમયે તે પોતાના શરીરમાંથી નીકળીને ભૌતિક ક્ષેત્રમાં કામ કરે છે. એટલા માટે લખતી અને વાતચીત કરતી વખતે પોતાનાં સૂક્ષ્મ શરીર વડે બીજું જ કામ કરે છે. યોગીની આવી વાત છે તો પછી પૂર્ણ જ્ઞાનીની શી વાત કરવી? કે જે પોતાના સ્વરૂપમાં સ્થિત હોય છે. તે બ્રહ્મદષ્ટિમાં રત હોવાથી પોતાના મન તથા શરીરને યંત્રવત્ વ્યવહાર કરતી વખતે કામમાં લગાડે છે. તેને વિવિધ ચેતના પ્રાપ્ત થયેલી છે. તેને (બ્રહ્મભાવના) પરમાર્થની સાથોસાથ જગત્ભાવના (વ્યવહાર)નું પણ જ્ઞાન રહે છે. જગત્‌ને તે પોતાની અંદર સ્વપ્ન સમાન દેખે છે, તે જ તેનું સ્વરૂપ લક્ષણ છે. પ્રત્યેક મનમાં શું ચાલી રહ્યું છે તે તે જાણે છે. જ્ઞાની પુરૂષ હમેશાં સમાધિમાં રહે છે.

સુપ્ત દશામાં મન સૂક્ષ્માવસ્થામાં રહે છે, વૃત્તિઓ પણ સૂક્ષ્માવસ્થા પ્રાપ્ત કરે છે.

ભાષાઓ જુદી જુદી હોય છે, પરંતુ વિચાર એક જ હોય છે. સર્વ મનુષ્યોમાં માનસિક આકૃતિ એક જ પ્રકારની હોય છે વાણી (ધ્વનિ)ના ચાર રૂપ અથવા ભાવ હોય છે. પરા, પશ્યન્તી, મધ્યમા અને વૈખરી. સાધારણ વાતચીત (ભાષા)ને વૈખરી કહે છે. તે જુદા જુદા દેશોમાં જુદી જુદી જાતની હોય છે, પરંતુ પરા, પશ્યન્તી અને મધ્યમા સર્વત્ર એક અને સમાન રૂપે જ હોય છે. ખરા અભેદવાણી (ધ્વનિ) છે જે બ્રહ્મામાં સુતેલી રહે છે. દેવતાઓની ભાષા, માનસિક ભૂમિની ભાષા એક હોય છે તેને મધ્યમા કહે છે. કારણ શરીરનું ચક્રાકાર કંપન પશ્યન્તી કહેવાય છે. એ જ તમારૂં યથાર્થ નામ છે. જ્યારે તમે તમારા કારણ શરીર દ્વારા ક્રિયાશીલ બનો છો, જ્યારે તમે અંતર્દષ્ટિથી કારણ શરીરને જુઓ છો ત્યારે તમે પશ્યન્તી ધ્વનિ (વાણી), જે તમારૂં વાસ્તવિક નામ છે, તે સાંભળી શકો છો.

ઐન્દ્રિય વિષયો તથા સાંસારિક વાસનાઓથી અસંતોષ થવાથી આત્મજ્ઞાનની ઉત્કટ ઇચ્છા ઉત્પન્ન થાય છે. તે ઉત્કટ ઇચ્છામાંથી અમૂર્ત ભાવના આવે છે, અને અમૂર્ત ભાવનાથી મન એકાગ્ર થાય છે. ચિત્તની એકાગ્રતાથી ધ્યાન થાય છે અને ધ્યાનથી સમાધિ (અર્થાત્ આત્માનુભવ)ની પ્રાપ્તિ થાય છે. (વૈરાગ્ય) વગર કશું પણ સંભવિત નથી.




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વ. મનસુખલાલભાઇના વિચાર પુષ્પો

સંકલન : 'રક્તતેજ'

(તેમની પ્રથમ પુણ્યતિથિએ તેમના વિચારોનું મનન કરીએ તે સાચી સ્મરણાંજલિ ગણાશે.)



✽ માનવ જીવનમાં ત્યાગની જ મહત્તા છે. આ જગતમાં જેણે જેણે હિંસાના પાપમાંથી બચવું હોય તેણે તેણે ભોગનો ત્યાગ કરવો જ રહ્યો. શીલ૦ પા. ૨૦

✽ આ સંસારને જે ખરા સ્વરૂપમાં સમજી શકે તે જ સંસાર ત્યાગનો સાચો અધિકારી બની શકે છે. શીલ૦ પા. ૨૧

✽ વરસો સુધીની અખંડ સાધના અને યોગમાર્ગે અનેક સિદ્ધિઓ પ્રાપ્ત કરનાર સાધુને પણ, જો આધ્યાત્મિક અભિમાન ઉત્પન્ન થાય તો તેનું પતન થાય છે. પા. ૨૧

✽ જગતના દરેક ધર્મોએ માનવજન્મને ઉત્તમોત્તમ માન્યો છે અને તેથી જ કહેવાય છે કે માનવીથી અન્ય કોઇ શ્રેષ્ઠ નથી. તેનો અર્થ એમ થયો કે પતનને માર્ગે જવા અર્થે નહિ પણ જીવનમાં ઊંડા ઉતરી આપણી ભીતરમાં રહેલી કામ, ક્રોધ, માન, માયા, લોભ, સ્વાર્થ, ઈર્ષ્યા, નિંદા આદિ અસદ્દવૃત્તિઓનું સંશોધન કરી તેને શુદ્ધ અને નિર્મળ બનાવવા અર્થે જ આપણને મહામૂલ્યવાન માનવજન્મ પ્રાપ્ત થયો છે. શીલ૦ પા. ૨૩

✽ બધી ઇન્દ્રિયોમાં સૌથી વધારે બળવાન અને અદમ્ય ઇન્દ્રિય તે જીભ છે. આ જીભ અનેક અનર્થોનું મૂળ છે. શીલ૦ પા. ૩

✽ જીવન અને સંસારમાં વિવેક અને વિચાર પૂર્વક વર્તવું એ પણ તપનો એક શ્રેષ્ઠ પ્રકાર છે અને તેથી જ કહેવાય છે કે विचारपूर्विका वृत्तिजीवने तप उच्यते । જે તપના પરિણામે મન માઠું ચિંતન ન કરે, તેમજ ઇન્દ્રિયો અને યોગોની હાનિ ન થાય તે જ તપ કરવા યોગ્ય છે. શીલ૦ પા. ૩

✽ માનવ મન એક કોયડા સમાન છે. એમાં સબળતા અને નિર્બળતા, સર્જક અને સંહારકશક્તિ, મધુરતા અને કડવાશ, વાસના અને વિશુદ્ધતા દ્વંદ્વની માફક જોડાયેલા છે. માનવીના જીવનમાં કોઈક વાર એક એવી વિરલ પળ આવે છે જ્યારે માનવી તેને સંભાળી લઈ જો સ્થિર રહી શકે તો અનેક ભવોના ફેરાઓ ટાળી તે મુક્તિને પ્રાપ્ત કરી લે. પરંતુ એ વિરલ પળે જો માનવી ભૂલે, અસ્થિર બને, પામરતા દાખવે તો તેના પરિણામે અનેક ભવચક્રોમાં ભટકવાનો વખત આવે. શીલ૦ પા. ૧૩



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

☼ જેવી રીતે માણુસ અને પડછાયા વચ્ચે સંબંધ છે અને માણુસની પાછળ પાછળ તેનો પડછાયો જાય છે તેમ અને તેવી જ રીતે સારા અને ખરાબ કૃત્યોનું ફળ તેની પાછળ પાછળ જાય છે. બળદની પાછળ ગાડીનું પૈડું જેમ ચાલે છે તેમ જ સારા અને ખરાબ કામનું ફળ પણ પાછળ પાછળ જાય છે. શીલધર્મની કથાઓ પા. ૩૩

☼ ડાહ્યા માણસો હમેશાં સત્યની હાનિ ન થાય અને પારકાને ઉદ્વેગ ન થાય એ રીતે મધુરી વાણીથી સત્ય બોલે છે. સત્ય બોલવામાં જે વાણીનો પ્રયોગ થાય એ વાણીમાં કડવાશ, કઠોરતા, અનમ્રતા, અવિવેક કે શઠતા ન હોવા ઘટે. જે વાણી બોલતા કોઇ પણ પ્રાણીને સહેજે દુઃખ થતું હોય, સીધી અગર તો આડકતરી રીતે કોઈ પણ જીવને આઘાત થતો હોય તો તેવી કઠોર વાણી બોલનારો પુરૂષ ભદ્રદર્શી થઈ શકતો નથી. શીલ૦ પા. ૩૮

☼ ક્રોધના આવેશમાં સંભળાવેલી સાચી વાતો ક્રોધથી ખરડાઇને સત્યનું સાત્ત્વિક અને નિર્મળ સ્વરૂપ ગુમાવી દે છે.
શીલ૦ પા. ૩૮

☼ વસ્તુ, પદાર્થ કે પરિસ્થિતિમાં સુખ દુઃખ આપવાનો કોઈ ધર્મ નથી, પણ સુખ દુઃખનો આધાર ભોક્તા તેની કેવી રીતે ગ્રહણ કરે છે તેના ઉપર છે.
શીલધર્મ૦ પા. ૪૭

☼ જે મનુષ્ય કેવળ દોષ જુએ છે તે નીચ છે, જે ગુણ અને દોષે બંને જુએ છે તે મધ્યમ છે, અને જે કેવળ ગુણ જુએ છે તે ઉત્તમ છે. શીલધર્મ૦ પા. ૫૭

☼ માણુસ કદાચ સકળ જગતને છેતરવાની કળામાં પારંગત થઈ શકે પણ તે પોતાના કર્મફળમાંથી બચી શકવાની શક્તિ પ્રાપ્ત કરી શકતો નથી, પછી ભલેને તે ચક્રવર્તી હોય. શીલધર્મ૦ પા. ૫૮

☼ જ્ઞાની અને વિવેકી ભૂલની ભાન થતા તેમાંથી પાછો ફરી જાય છે. ત્યારે અજ્ઞાની પતનને માર્ગે આગળને આગળ વધતો જાય છે. પરંતુ જીવનમાં એક વાતની તો મને ખાતરી થઈ ગઇ છે કે પંથભૂલેલા માનવને સાચા રસ્તે દોરવા માટે માત્ર ઉપદેશ કે ઠપકો ભાગ્યે જ મદદરૂપ થાય છે. આ માટે જરૂર છે વિશુદ્ધ પ્રેમ અને પવિત્ર સદ્ભાવની.
શીલધર્મ૦ પા. ૬૦

☼ પશ્ચાતાપમાં ગમે તેવા મહાન પાપોને બાળી ભસ્મ કરી નાખવાની શક્તિ રહેલી છે. શીલધર્મ૦ પા. ૭૮

☼ શીલની અખંડતા અને સતીત્વના પ્રભાવમાં સૂર્યની ગરમી અને ચન્દ્રની શીતળતા કરતાં પણ અનેકગણી વધુ શક્તિ રહેલી હોય છે. શીલધર્મ૦ પા. ૯૫

☼ જીવનમાંથી જેણે જેણે કાંઇ પ્રાપ્ત કરવું છે તેણે જીવનમાં દુઃખો સહન કરવાની શક્તિ અને મનોબળ કેળવવા જ જોઇએ.
શીલધર્મ૦ પા. ૧૩૪

☼ માનવીએ નિરંતર સ્મરણમાં રાખવું જોઇએ કે દુઃખ એ જીવનમાં અકસ્માત આવી પડતી વસ્તુ નથી પણ દુઃખ એ જ જીવનનું કેન્દ્ર છે. દુઃખ અને વેદનામાંથી જ પ્રત્યેક મહાન્ કાર્ય જન્મે છે.
શીલધર્મ૦ પા. ૧૩૪

☼ મોહના મૃત્યુ વિના સમભાવની પ્રાપ્તિ થતી નથી અને સમભાવ વિના સમ્યક્ જ્ઞાનની શકયતા નથી. મોહનું મૃત્યુ હૃદયને આઘાત કે પરિતાપ થયા સિવાય થઈ શકતું નથી. શીલધર્મ૦ પા. ૧૩૬



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

✡ માનવી ગુનો કરે, આવેશમાં આવી જઈ ભૂલ કરી નાખે તો તેથી કાંઇ એ સદાકાળ માટે શાપિત બની રહેતો નથી. પશ્ચાત્તાપની ભઠ્ઠીમાં તવાઇને, નિર્મળ નિર્દોષ બની રીઢા ગુનેગારોએ પણ એ જ જન્મમાં મુક્તિ પ્રાપ્ત કર્યાના અનેક દાખલાઓ છે.

શીલ૦ પા. ૧૬૨

✡ માનવી માત્રના લોહીમાં શીલ અને ધર્મના બીજ રહેલાં હોય છે. માત્ર પુરૂષાર્થ દ્વારા માનવે સતત સચિંત રહી તેના વિકાસ પ્રત્યે જાગ્રત રહેવું જોઇએ, કારણ કે શીલ અને ધર્મ એ જ જીવનનું સત્ય છે અને જીવનમાં એથી વધુ ઉત્તમ કોઈ સાધના નથી.

✡ માણસમાં ગમે તેવા સદ્દ્ગુણો હોવા છતાં જો તેનામાં વિવેક–વિનયની ઊણપ હોય તો વિદ્વાન પાંડિત્ય જડ બને છે, તત્ત્વજ્ઞાની વાંકદેખો બને છે, સૈનિક હેવાન નિવડે છે અને ગમે તે માણસ અકારો થઈ પડે છે.

જોયું ને જાણ્યું૦ પા. ૫૪

✡ મંત્રોમાં નવકાર મંત્ર, તીર્થધામોમાં શ્રી શત્રુંજય તીર્થ, દાનોમાં અભયદાન, ગુણોમાં વિનયગુણ, વ્રતોમાં બ્રહ્મચર્યવ્રત અને સર્વ પર્વોમાં શ્રી પર્યુષણ પર્વ જેમ શ્રેષ્ઠ છે તેમ શાસ્ત્રકારોએ તપમાં ક્ષમાને શ્રેષ્ઠ કહેલ છે.

જોયું ને જાણ્યું૦ પા. ૫૫

✡ ક્રોધ, કામ, ઈર્ષ્યા, અહંકાર, કપટવૃત્તિ, અન્ય પ્રત્યે ધિક્કાર, નફરત, તિરસ્કાર, વૈરભાવ, દ્વેષવૃત્તિ આ બધાં જ મનના રોગો છે....દેહના રોગો કરતા મનના રોગો ભારે ખતરનાક છે. જોયું ને જાણ્યું૦ પા. ૫૬

✡ સામાન્ય રીતે સ્થળ અને વાતાવરણની માનવી પર અસર થાય છે. તેમ બિભત્સ દશ્યો, ઉત્તેજિત કરે તેવા પ્રકારનું સંગીત, સીનેમા–નાટકના દશ્યો પણ માનવી પર ખરાબ અસર ઉત્પન્ન કરે છે તેથી યોગીજનો આવા દશ્યોથી હંમેશા દૂર ભાગે છે.

જોયું ને જાણ્યું૦ પા. ૭૭

✡ દેવો કે દેવીઓને પૂજન, ક્ષુદ્ર માનતા કે બાધા દ્વારા નથી રીઝવી શકાતાં. એમને રીઝવવા તો આપણે આપણા ચારિત્રનું ઘડતર ઉત્કૃષ્ટ કોટિનું કરવું જોઈએ.

જોયું ને જાણ્યું૦ પા. ૧૦૫

✡ આજે મંત્રો ફળદાયક થતા નથી એવી જે બૂમ ઊઠી છે તેનું એક કારણ એ પણ છે કે તેની ગણના કરનારાઓ શુદ્ધ બ્રહ્મચર્યનું પાલન કરતા નથી. જો મન, વચન, કાયાથી બ્રહ્મચર્યનું શુદ્ધ પાલન થાય તો મંત્ર ફળ્યા વિના રહે નહિ.

બ્રહ્મચર્ય અને બીજા લેખો૦ પા–૬

✡ વીર્યરક્ષાથી કોઇપણ પ્રકારના રોગને અવકાશ મળતો નથી, એટલું જ નહિ પણ ઘર કરીને રહેલા શ્વાસ, ક્ષય, પ્રમેહ આદિ રોગો પણ વીર્યની રક્ષાથી જલદી દૂર થઈ જાય છે. બ્રહ્મ૦ પા. ૧૭

✡ સ્ત્રી અને પુરુષ બંનેમાં વાસનાની સરિતાનો પ્રચંડ ધોધ વહી રહ્યો છે. એ ધોધને શુભ અને અશુભ માર્ગે લઈ જઇ શકાય છે. વિવેકી અને વિચારશીલ સ્ત્રી પુરૂષો પ્રયત્ન વડે તેને શુભ માર્ગે વાળે છે. બ્રહ્મ૦ પા. ૨૬

✡ બ્રહ્મચર્ય સાધકે સંયમી જીવન જીવવા માટે દેહના પોષણ અર્થે ખાવાનું છે, અને રસલોલુપતાને કાબૂમાં લેવી એ તેનું સૌથી પ્રથમ કર્તવ્ય છે. બ્રહ્મ૦ પા. ૨૮

✡ બ્રહ્મચર્યમાં સ્થિર થવા માટે સાધકે પોતાની આંતરિક ચોકીદારી રાખવી પડે છે, અને સાથોસાથ બાહ્ય નિમિત્તોની બાબતમાં પણ અત્યંત કાળજી રાખવી પડે છે.

બ્રહ્મ૦ પા. ૩૨

✡ જે મનુષ્ય આગળની ચિંતા કરતા નથી અને માત્ર વર્તમાનના સુખોને જુએ છે, તે યુવાવસ્થા વીતી જતાં અને મૃત્યુ સમીપ આવતા પસ્તાય છે. બ્રહ્મ૦ પા. ૩૬



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આર્દ્રકુમાર



લેખક – **સુશીલ**

કાળમીંઢ પત્થરના અસંખ્ય થરને ભેદતાં અને ઝરણુ રૂપે વહેતાં નિર્મળ જળના પ્રવાહને કેટકેટલી કઠિન સાધનાઓ કરવી પડી હશે? પાષાણુનાં વજ્રકઠોર હૈયા વીંધતાં એ ક્ષુદ્ર જળબિંદુઓ કેટલીકવાર નિરાશ થઈ પાછા વળ્યાં હશે? અંતે એકનિષ્ઠ પ્રયત્નના પ્રતાપે આર્દ્રતાએ ચિરવાંછિત વિજય મેળવ્યો અને આસપાસની વેરાનભૂમિને લીલીછમ બનાવી દીધી. ગિરિઝરણુની આર્દ્રતાનો આ ટુંકો ઈતિહાસ.

આર્દ્રકુમારનો જન્મ પણ એવા જ પ્રતિકુળ સંયોગોમાં થયો હતો. તેનું હૈયું શ્રદ્ધા અને પવિત્રતાથી ભીંજાયેલું હતું, પણ આસપાસ અનાર્યતાના કઠિનમાં કઠિન થર પથરાયેલા પડયા હતા. આર્દ્રકુમારની તિવ્ર શ્રદ્ધાએ અનાર્ય ભૂમિમાં પણ રસાર્દ્રતા રેલાવી, ભોગ–વૈભવની ભૂમિને પોતાના સંસ્કારબળે વિશ્વવિખ્યાત બનાવી.

નિમિત્ત તો સામાન્ય હતું. પણ એ નિમિત્તે આર્દ્રકુમારના છુપા ભાવો જગાડ્યા. મહામંત્રી અભયકુમારે રાજગૃહીમાંથી મોકલેલી એક જીનપ્રતિમા જોતાં જ આર્દ્રકુમારના નિર્મળ ચિત્તમાં પૂર્વ ભવનાં સંસ્મરણો ઉભરાયાં. તેને થયું કે "આ જીનપ્રતિમામાં જે શાંત–પવિત્ર ભાવો મૂર્તિમંત થયેલા છે તે મેં કોઇ શુભમુહૂર્તે અનુભવ્યા છે." વિસ્મૃત પ્રેમકથા એકાએક યાદ આવે તેમ ભૂલાયેલો ભુતકાળ તેના નેત્ર આગળ ખડો થયો.

રાજવૈભવ, સુખોપભોગ, સાંસારિક ગડમથલ એ બધામાંથી તેનો રસ ઉડી ગયો. તે કલાકોના કલાકો સુધી જીનપ્રતિમાનું ધ્યાન ધરવા લાગ્યો. આર્દ્રકુમારની આવી ઉદાસીન અવસ્થા અનુભવી તેના પિતાને ધ્રાસકો પડ્યો. કુમારને કોઇએ ભોળવ્યો હોય અથવા તો કોઇએ તેની ઉપર કામણ કર્યું હોય એવો વહેમ ગયો. આર્દ્રકુમારને પહેલાની જેમ રસ લેતો કરવા રાજાએ ઘણા ઘણા ઉપાય અજમાવ્યા; પણ તેની કંઈ સારી અસર ન થઈ. અહોનિશ ચિંતાગ્રસ્ત રહેતો કુમાર છાનોમાનો નાસી ન જાય તે માટે અનેક સુભટો તેની આસપાસ પહેરો ભરવા લાગ્યા; પણ સ્નેહવત્સલ પિતાની સર્વ ચિંતાઓને નિષ્ફળ બનાવી આર્દ્રકુમાર એક રાત્રે છાનોમાનો વહાણમાં ચડી બેઠો અને આર્યભૂમિના કીનારે ઉતર્યો.

નિરાબાધ સુખ, શાશ્વત શાંતિ અથવા પરમપદની પ્રાપ્તિ એ જ તેનું પ્રધાન ધ્યેય બન્યું. ત્યાગ–વૈરાગ્ય–તપશ્ચર્યાના માર્ગે પ્રયાણ કરવા તેનું દિલ વારંવાર પોકારી ઉઠતું. તેણે કોઈની પણ સલાહ કે સૂચના ન સાંભળી. અંતરની ઝંખનાને શાંત કરવા તેણે પોતે જ જૈન મુનિનો વેષ પહેરી લીધો. કાયાનું દમન કરતા, મનોવિકારને રોધતા આર્દ્રકુમાર આર્યભૂમિમાં વિહરવા લાગ્યા.

એક દિવસે તેઓ વસંતપુર નગરના ઉદ્યાનમાં કાર્યોત્સર્ગ કરીને રહ્યા હતા. એટલામાં શ્રીમતી નામની એક કન્યા પોતાની કેટલીક



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સખીઓ સાથે ત્યાં આવી. શ્રીમતી હજી કુંવારી જ હતી. સખીઓથી છુટી પડી તે આ જ ધ્યાનસ્થ મુનિ પાસે આવી. દૂરથી આ તપસ્વીની મુખમુદ્રા જોતાં જ તેનો પૂર્વરાગ પ્રદિપ્ત થયો.

તે એકીટસે ધ્યાનસ્થ મુનિ સામે જોઈ રહી. રાજકુમારની સ્વાભાવિક સુકુમારતા તેમના તપઃતેજમાં મળી જઇ એક પ્રકારનો પૂજ્યભાવ પ્રકટાવતી હતી. મુનિવર જ્યારે વીતરાગતાની ભાવનામાં નિમગ્ન હતા, ત્યારે શ્રેષ્ઠીપુત્રી શ્રીમતી સરાગતામાં ઊંડે ઊંડે ઉતરતી હતી. બન્નેની દિશા જુદી હતી, પણ નિમગ્નતા લગભગ સમાન હતી.

સંધ્યાનું આછું નિર્મળ તેજ રાજવંશી મુનિના અંગેઅંગને આલીંગતું હતું. શ્રીમતીને એ સંધ્યાના કીરણો ઉપર અદેખાઇ આવી. સંધ્યા પણ કેટલી ભાગ્યશાળી છે? મુનિવરના અચેતન અંગ સાથે એ કેવી સ્વચ્છંદ ક્રીડા કરી રહી છે? પોતાનો રાગ સંધ્યાના રંગ સાથે મળી જાય અને મુનિવરના ચરણમાં અહોનિશ રમવાનું પ્રાપ્ત થાય તો કેવું સારૂં?

સખીઓના પદરવથી તેની વિચારનિદ્રા ટૂટી. તેને પોતાની પરવશ સ્થિતિનું ભાન થયું. સ્રી સુલભ શરમે તેના દેહ-મન ઉપર અધિકાર જમાવ્યો. મુનિની કાઉસગ્ગમુદ્રા પાસે શ્રીમતીની દશા નિહાળવાનો સખીઓને અવકાશ ન હતો. આવા પ્રસંગો તો આ ઉદ્યાનમાં ઘણીવાર બનતા. મુનિઓના વિહાર અને ધ્યાનસ્થ દશા એ તેમને પરિચિત હતા. સહુ સખીઓ આઘે ઉભી રહી આર્દ્રકુમારને ઉદ્દેશી ભક્તિભાવે નમી.

શ્રીમતી પણ તેમની સાથે ત્યાંથી પાછી ફરી. પરંતુ પહેલાંની શ્રીમતી એ અત્યારની શ્રીમતી ન હતી. સખીઓના વિનોદ કે સ્વચ્છંદ ખેલનમાં તેણીએ કંઇ ભાગ ન લીધો. તેની ચંચળતા અને તોફાન ઉડી ગયાં. તે એકપણ શબ્દ બોલ્યા વિના ઘેર પાછી આવી. રાત્રે ઉંઘમાં પણ એ જ મુનિની કુમારમૂર્તિ તેના માનસપટમાં અંકાઈ રહી.

આજ સુધીમાં શ્રીમતીએ અનેક મુનિવરોનાં સ્વાગત કર્યાં હતા, તેમના ધર્મોપદેશ સાંભળ્યા હતા; પણ ઉદ્યાનમાં ધ્યાનસ્થ રહેલી આર્દ્રકુમારની મૌનમૂર્ત્તિએ તેને જેવી દીન અને પરવશ બનાવી હતી તેવી દશા તો તેણે પહેલાં કોઇવાર અનુભવી ન હતી. યૌવનના ઉદ્દામને ચરણ નીચે ચાંપતા ભલભલા તપસ્વીઓને તેણીએ તાપમાં તપતા અને કરમાતા જોયા હતા આજ સુધી તેના અંતરનો એક તાર પણ ન્હોતો કંપ્યો. આર્દ્રકુમારમાં એવું શું હતું કે તેને જોતાં જ તેના બધા જ તાર એકી સાથે ઝણઝણી ઉઠયા?

ખરૂં, આર્દ્રકુમાર મુનિવેશમાં હતા. શ્રીમતીને મન એ વેશ કેવળ આવરણ તુલ્ય ભાસ્યો, યુગ-યુગની આરાધનાનું ધન એ આવરણ પાછળ છુપાયેલું હોય એમ તેને લાગ્યું.

પણ અંતરના સબળ સૈન્ય સાથે અહોનિશ ઝુઝતાર મુનિ એક અબળાની વિનંતિ સ્વીકારે એ શું સંભવિત છે? તેને પોતાના દેહ ઉપર ક્ષણવાર તિરસ્કાર આવ્યો, યોગ વૈરાગની કઠિનતા તેને કાળરૂપ લાગી. દેવોનું વરદાન જાણે છેક પાસે આવીને પાછું વાળી જતું હોય એવી વેદના અનુભવી રહી.

સૂર્યોદય થાય તે પહેલાં જ શય્યામાંથી તે જાગૃત થઈ. ઘરના કોઈ પણ માણસને કહ્યા વિના ઉદ્યાન ભણી ચાલી નીકળી.

પદ્મની તાજી ખીલેલી પાંખડી જેવી શ્રીમતી આટલી સાહસિક શી રીતે બની? અત્યારે તેની ચાલમાં કે ચહેરા ઉપર નિરાશા ન હતી. જગતની સઘળી લોકલાજ અને શરમને પોતાની પાછળ રહેવા દઈ આર્દ્રકુમાર મુનિના



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ચરણમાં પોતાનું સર્વસ્વ અર્પવા તૈયાર થઈ હતી. અને જેનું સર્વસ્વ કોઈ ઈષ્ટદેવના ચરણે નિવેદાયું હોય તેને લોકલાજ કે ભય શું કરી શકે? વિશુદ્ધ પ્રેમબળ, અર્પણતા એ તેનાં શસ્ત્ર હતાં મુનિને વરવું એ તેનું ધ્યેય હતું.

આર્દ્રકુમાર હજી કાયોત્સર્ગમાં જ્યાંના ત્યાં સ્થિર હતા. આખું ઉપવન એ યોગમાં પોતાના સૂર મેળવતું. પણ એ શાંતિ કે રસૈક્યના સંગીતને સાંભળવા જેટલી ધીરજ શ્રીમતીમાં ન હતી. મંત્રમુગ્ધની જેમ તે એકદમ આવી મુનિના ચરણમાં ઝુકી.

થોડીવારે આર્દ્રકુમાર મુનિએ આંખો ખોલી અને શ્રીમતીની સામે નીહાળ્યું. પુણ્યના પરમાણુઓ જ જાણે દેહ ધરી યોગમાર્ગથી ચલિત કરતા હોય એમ ક્ષણવાર લાગ્યું. એક વખતનો રાજવૈભવ યાદ આવ્યો. આર્યભૂમિમાં આવ્યા પછી આવો ઉપસર્ગ ઘટશે એવી તો તેમને કલ્પના પણ નહોતી આવી. તોફાની પવનને લીધે સંયમના સઢ ચીરાતા હોય એમ લાગ્યું. પોતે કેટલા નિર્બળ છે—અનુકૂળ ઉપસર્ગોની સામે લડવામાં કેટલા કાયર છે તે સમજાયું.

પોતાના બળ ઉપર જ મુસ્તાક રહેનાર યોગી પ્રતિકાર ન કરી શક્યો. છૂટવાનું મન છતાં પગ પાછો ન ખેંચી શક્યો. ત્યાગની દીક્ષા લેતી વખતે દેવોના નિષેધને ન ગણકારનાર તપસ્વી પોતાની દુર્બળતા જોઈ રહ્યો. પગે પડતી શ્રીમતીનો અનાદર કરવાનું સાહસ તે શી રીતે કરી શકે? તેણે પોતાના બળનો સંચય કરવા માંડ્યો.

શ્રીમતીએ ફરી એકવાર આર્દ્રકુમારની સામે જોવાનો પ્રયત્ન કર્યો. મુનિ પણ જાણે સ્વપ્નની કોઈ એક સુંદરીને નીહાળતા હોય તેમ વિહ્વલપણે તેની સામે જોઈ રહ્યા. વચનો કરતાં પણ એ દૃષ્ટિમાં અજબ અર્થ હતો. અંતર અંતરને ઉકેલતું હોય ત્યાં શબ્દનું શું ગજું? પૂર્વભવના–યુગયુગના એ સ્નેહીઓ માંડમાંડ એકબીજાને મેળવી શક્યા હોય તેવી તૃપ્તિ ઉભય આત્માઓએ અનુભવી. સપાટી ઉપરના તોફાન નીચે ગંભીર શાંતિ અને તૃપ્તિ દેખાયાં.

શ્રીમતીની જેમ આર્દ્રકુમારનો માર્ગ એટલો સરળ ન હતો. વૈરાગ્ય અને ભોગની વચ્ચે એક મહાસાગર ઘૂઘવતો હતો.

બળના ઉપાસકને માટે બીજા બધા માર્ગ હતા. આખરે તે શ્રીમતીનો બળાત્કારે ત્યાગ કરી પોતાની સાધના પૂરી કરવા ત્યાંથી ચાલી નીકળ્યો. સ્નેહનો પરાજય થયો, બળનો વિજયધ્વજ ફરક્યો.

બળ એજ ત્યાગ હોત તો આર્દ્રકુમાર જરૂર જીતી જાત. પણ તે પોતે ન સમજે તેમ શ્રીમતીના સ્નેહબળ પાસે હાર્યો હતો. ભલે તે ઉપદ્રવની બીકે વસંતપુરના ઉદ્યાનનો અને શ્રીમતીનો પણ ત્યાગ કરી ગયો, પણ અંતરમાંથી શ્રીમતીની પરવશ પ્રતિમાને દૂર ન કરી શક્યો. માતપિતાના સ્નેહનો અને માતૃભૂમિના સંબંધનો ત્યાગ કરી આવનાર આર્દ્રકુમાર શ્રીમતીને ન ભૂલી શક્યો. બળનો ગર્વ કરનાર યોગી અંતરથી તો ક્યારનોયે પરાજીત થઈ ચૂક્યો હતો. એ પરાજય આર્દ્રકુમાર વિના બીજું કોઈ સમજી શકે એમ ન હતું.

અનાદર પામેલી શ્રીમતીએ લગીરે કલ્પાંત ન કર્યું-કંગાળ નારીની જેમ કાલાવાલા પણ ન કર્યા. અર્પણતા એ તેનું ધ્યેય હતું. તે મુનિના ચરણે પોતાનું સર્વસ્વ ધરી ચૂકી હતી. તેનો સ્વીકાર થાય યા ન થાય એ તેને જોવાનું જ ન હતું અને સ્નેહનો સ્વીકાર થવો જ જોઈએ એવો આગ્રહ શા સારૂ? સ્નેહની સાધનામાં નિષ્ફળ નીવડેલી નારી પિતૃગૃહે પાછી ફરી.

એક પછી એક વર્ષો વીતતા ચાલ્યા. શ્રીમતીની આંખો નિરંતર આર્દ્રકુમારને શોધતી. ભલભલા શ્રેષ્ઠીપુત્રોના માગા શ્રીમતીજીએ પાછા વાળ્યાં. તે નિર્ભયપણે કહેતી કે :-"મનથી તો મુનિ આર્દ્રકુમારને જ વરી ચૂકી છું." લોકોને લાગ્યું કે શ્રીમતીનું મગજ ભમી ગયું



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

છે—તે અશક્ય વ્રત આદરી બેઠી છે. મુનિને ચળાવી શકે એવું શ્રીમતીમાં શું હતું? અપ્સરાઓના સરાગ અભિનયને જે લીલામાત્રથી ઠેલી શકે તેને એક શ્રીમતી જેવી પામર નારી શું કરી શકવાની હતી? છતાં શ્રીમતીએ પોતાનો આદર્શ ન તજ્યો. સ્નેહમાં તે દૃઢ આસ્થા રાખી રહી.

એ પ્રેમપ્રસંગ ઉપર બાર બાર વસંતના વાયરા વહી ગયા. પ્રકૃતિએ કંઈ કંઈ નવા સાજ સજ્યા અને જુના ઉતાર્યાં, સ્મરણ અને વિસ્મરણના અખંડ પ્રવાહમાં અસંખ્ય પ્રેમપ્રસંગો ઘડાયા અને પાછા અનંતતામાં મળી ગયા. માત્ર શ્રીમતીની સ્નેહસાધના અતૂટ રહી. વસ્તુમાત્રને જીર્ણ બનાવતો કાળ એ સ્નેહી હૃદય ઉપર પોતાનો પ્રભાવ ન આંકી શક્યો. વ્રતને કંઈ અવધ ન હોય ભવોભવના સ્નેહીને બાર વરસ શી વીસાતમાં?

એક માત્ર આર્દ્રકુમારના દર્શનની વાંછાથી રોજ દાનશાળામાં બેસી દરેક મુનિનું સ્વાગત શ્રીમતી પોતે કરે છે. કોઈ કાળે પણ મુનિઓના સમુદાયમાં આર્દ્રકુમાર આવી ચડશે એ આશા ઉપર જ તેનું જીવન અવલંબે છે.

બાર વર્ષ ઉપરની ઘટનાને યાદ રાખવા જેટલી જગતને કંઇ પરવા ન હતી. શ્રીમતીના સગાં–સંબંધીઓ પણ લગભગ એ વાત ભૂલી ગયા છે. શ્રીમતીના જીવનનો પલટો એ હવે તેમને કંઈ આશ્ચર્યની વાત નથી લાગતી. વિસ્મૃતિના આવા ગાઢ અંધકારમાં માત્ર બે હૈયાઓને વિષે સ્નેહસ્મૃતિના બે અખંડ દીપ સળગી રહ્યા છે.

એ પરમ આકાંક્ષિત પળ પણ એક દિવસે પાસે આવી પહોંચી. તે દિવસે રોજની જેમ શ્રીમતી મુનિના આગમનની રાહ જોતી બેઠી હતી. પોતાની દૃષ્ટિવડે ભૂમિને પ્રમાર્જતા આર્દ્રકુમાર બહુ જ મંદ ગતિએ તે જ દાનશાળા તરફ આવતા હતા. કોઇએ કલ્પ્યું પણ નહીં હોય કે દાન લેવા આવતા મુનિ અહીં પોતાના જ આત્માનું દાન આપી સંસારના સ્નેહને અભિનંદશે. બન્નેએ પરસ્પરને દૂરથી જોયા અને પીછાન્યા. શ્રીમતી આજસુધીના ઐચ્છિક સંયમના પ્રતાપે ઔત્સુકય અને આવેગને પચાવી ચૂકી હતી. સ્નેહીની ખાતર ઝુરવામાં જે અનેરી લ્હાણ છે તેનો આસ્વાદ લઇ ચૂકી હતી. આર્દ્રકુમાર એ માર્ગમાં નવા વિદ્યાર્થી હતા એમ પણ કંઇ જ ન હતું. તેમણે પણ ઘણી વાર યોગના આદર્શોનું ચિંતન કરતાં વસ્તુતઃ શ્રીમતીનું જ ધ્યાન ધર્યું હતું. ભાગ્યે જ એવી કોઇ પળ હશે કે જે વખતે તેમણે શલ્યની જેમ ખુંચતા એ કાંટાને ઉખેડીને ફેંકી દેવાનો પ્રયત્ન નહીં કર્યો હોય. ગમે તેમ પણ તે સામર્થ્યના પૂજારી હતા અને પોતે યે સર્વ રીતે સમર્થ પુરૂષ હતા. છતાં જે સૌંદર્ય, લાલીત્ય અને સુકુમારતાની પાસે સામર્થ્ય સામે આવીને દીનભાવે આત્મનૈવેદ્ય ધરી જાય ત્યાં આર્દ્રકુમારની બળાત્કાર સાધના નિષ્ફળ નીવડે એમાં શું આશ્ચર્ય?

જે શ્રીમતી એક વખતે ઉદ્યાનમાં આવી, પગે પડી, ઉપવનના પંખીને પણ કંપાવે તેમ કરગરી હતી અને જેનો ત્યાગ કરવામાં આર્દ્રકુમારે પોતાના સામર્થ્યનો વિજય માન્યો હતો, તેજ શ્રીમતી પાસે આવી તેમણે પોતાનાં ચિરસંચિત ત્યાગ–વૈરાગ્ય–સંયમ સર્વસ્વ ધરી દીધું. પતનનો ઇતિહાસ એ કરતાં કંઈ વધુ લાંબો ન હોય. આર્દ્રકુમાર ફરીથી સંસારમાં આવ્યા અને શ્રીમતીએ તેમને હૈયાના નિર્મળ સ્નેહથી સત્કાર્યા.

આર્દ્રકુમારના અધઃપાત ઉપર એ વખતે પણ અનેકે અનુકંપાના આંસુ પાડ્યાં હશે. એક મુનિનો સંસારપ્રવેશ એ કંઈ યોગમાર્ગનો જેવો તેવો અકસ્માત્ નથી. પણ એને એકલો અકસ્માત કે અધઃપતન કેમ કહેવાય? સ્નેહના અનાદરનો અને બળના અત્યધિક અભિમાનનો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શું એ યોગ્ય બદલો ન હતો? શું શ્રીમતીનો ત્યાગ કરીને નાસી જતી વખતે આર્દ્રકુમાર પોતે સંપૂર્ણ સુદૃઢ રહી શકયા હતા? જો વૃત્તિઓ ઉપર તેમનો કેવળ બળાત્કાર ન હોત, અંતરને પ્રકટતી ઉષાના પ્રકાશ જેવું નિર્મળ બનાવી શકયા હોત તો તેઓ પોતાની સાથે શ્રીમતીને પણ ઉંચે ને ઉંચે લઈ જઈ શકયા હોત યોગમાર્ગમાં અનેરા રંગ અને રસ રેલાવ્યા હોત.

ભલે એ પતન હોય, પણ એ પતનમાંથી જ વેગવાન્ ઉદ્ધારનો પુનર્જન્મ થયો. વીર્યવાન્ આત્માઓનાં પતન પણ કેટલાં રમણીય હોય છે? નિર્વીર્યને પોતાનાં પતનનું ભાગ્યે જ ભાન હોય છે–તે એક વાર પડયા પછી નીચે ને નીચે તણાવામાં જ અહોભાગ્ય માને છે. આર્દ્રકુમારનું પતન એ પવિત્ર આત્માનું કેવળ પદસ્ખલન હતું. પ્રાતઃકાળ થતાં સંસારના મનુષ્યો જાગે અને ગઈ કાલનાં અધુરાં કામ પૂરાં કરવાં બમણા બળથી પ્રયત્ન કરે તેમ આર્દ્રકુમાર પણ ભોગનિદ્રામાંથી જાગૃત થયા. યોગભ્રષ્ટતા તેમને પ્રત્યેક પળે ડંખવા લાગી. આજે હવે બળાત્કારને કયાંઇ સ્થાન ન હતું. બળનું સ્થાન સ્નેહે અને અભિમાનનું સ્થાન વિવેકે લઈ લીધું હતું.

શ્રીમતી પણ તેમના માર્ગમાં કંટક રૂપ ન રહી. આર્દ્રકુમારની પ્રતિકૃતિ સમો એક બાળક એ તેનું આશ્વાસન અને અવલંબન બન્યું હતું. વિયોગિનીને બદલે હવે તે એક માતા બની હતી. તેના બધા ઉચ્છ્વાસ અને આવેશ શમી ગયા છે.

પણ બાળક પ્રત્યેનો મોહ આર્દ્રકુમારના યોગમાર્ગમાં ઘડીક અંતરાયરૂપ બન્યો અને બાળકની અનુમતિ કે સમ્મતિ પણ શી રીતે સંભવે? એક વખતનો યોગી હવે પોતાના આત્મા ઉપર બળાત્કાર પણ કરી શકે એમ ન હતું. તે અનુકૂળ મુહૂર્તની રાહ જોવા લાગ્યો.

એક દિવસે કંઇક આવા જ નિશ્ચય વિષે ઉહાપોહ કરતાં બન્ને બેઠાં હતાં. તેમની સામેજ આંગણામાં બાળક રમતો હતો. માતાએ તેને બોલાવી સ્હેજ વિનોદના રૂપમાં કહ્યું— 'બેટા! તારા બાપુ તો હવે ચાલ્યા જશે!"

"ચાલ્યા જવું" એટલે શું એનો અર્થ બાળક ન સમજ્યો. પણ બાપુ કયાંઈ બ્હાર જવા માગે છે અને માતા ઉદ્વિગ્ન છે એટલું તો તે જોઇ શકયો. હજી તો તેને પુરૂં બોલતાં પણ ન્હોતું આવડતું. માતાનો મનોભાવ કળ્યા પછી તેને શી રીતે મદદ કરવી એ એક મોટી મુંઝવણ થઈ પડી.

તરત જ તેને એક બાળોચિત યુક્તિ સૂઝી આવી. શ્રીમતીએ ગઈ કાલે જ જે સુતર કાંતી રાખ્યું હતું તે સુતરનું કોકડું ઉપાડી લાવ્યો અને જ્યાં આર્દ્રકુમાર બેઠા હતા ત્યાં આવી સુતરના તાંતણા વડે જ પિતાને બાંધી રાખવાનો ઉપાય અજમાવ્યો. શ્રીમતી અને આર્દ્રકુમાર બન્ને જણા બાળકની આ ચેષ્ટા સામે જોઇ હસી પડ્યાં. કાચા સુતરના તાંતણા ઉપર પણ બાળકનો કેટલો બધો વિશ્વાસ?

આર્દ્રકુમારે પોતાના અંગે વીંટળાયેલા આંટા ગણ્યા. બધા મળીને તે બાર થયા. તાંતણાના એક એક આંટા બદલ તેણે એક એક વરસ સંસારમાં રહેવાનો ફરીથી નિશ્ચય કર્યો. એ રીતે કાચા સુતરના તાંતણે આર્દ્રકુમારને બીજા બાર વરસ સુધી બાંધી રાખ્યો. નિર્મળ સ્નેહના દુર્બળ બંધનોમાં પણ કેટલું સામર્થ્ય હોય છે?

એ બાર વર્ષ પણ પાણીના રેલાની જેમ વીતી ગયા અને એક પુણ્ય મુહૂર્તે આર્દ્રકુમાર સૌની સમ્મતિ લઈ મહાવીરના માર્ગે ચાલી નીકળ્યા.

( અનુસંધાન પેજ ૨૮ ઉપર )



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન ધર્મમાં સ્યાદ્વાદ

લેખક:-પં. શ્રી પૂર્ણાનંદવિજયજી મહારાજ (કુમાર શ્રમણ)

स्याद्वादो वर्तते यस्मिन् पक्षपातो न विद्यते ।
नास्त्यन्यपीडनं किञ्चित् जैनधर्मः स उच्यते ।।

સ્યાદ્વાદ જેનો મુદ્રાલેખ છે, પક્ષપાત કે કદાગ્રહની જેમાં ગંધ સરખી નથી. એકેન્દ્રિયથી લઈને પંચેન્દ્રિય સુધીના જીવોને જરા પણ દુઃખ આપવાનો જેમાં સખ્ત નિષેધ છે, તેને જૈન ધર્મ કહે છે.

આ જૈન ધર્મ અનાદિ ધર્મ છે. જ્યારથી આ સંસારની શરૂઆત થઈ ત્યારથી જ જૈન ધર્મનો પણ પ્રારંભ થયો છે.

સ્વામી રામમિશ્રજી શાસ્ત્રી લખે છે:

Jainism began when this world began, I am of the Opinion that Jainism is much older than Vedas.

જ્યારથી આ વિશ્વની શરૂઆત થઇ છે, ત્યારથી જૈન ધર્મનો પ્રારંભ થયો છે. હું એમ માનું છું કે-જૈન ધર્મ વૈદિક ધર્મ કરતાં પણ ઘણો પ્રાચીન છે.

લોકમાન્ય બાલગંગાધર તિલક લખે છે કે-

Bhagwan Mahavir again taught Jainism, before him there w re twenty three Teachers. They also propogated Jainism, from this the antiguilty of Jainism established.

ભગવાન મહાવીરે જૈન ધર્મનો પુનઃ પ્રકાશ કર્યો. તેમની પહેલાં પણ ૨૩ તીર્થંકરો થઇ ગયા. તેઓએ પણ જૈન ધર્મ પ્રરૂપ્યો હતો.

હવે આપણે જૈન ધર્મના એક મહાન્ સિદ્ધાંત સ્યાદ્વાદ અનેકાંતવાદની આપણે અહીં વિચારણા કરીએ.

સ્યાદ્વાદ એક એવી મહાન્ જડીબૂટી છે. જો તેનું સ્વરૂપ બરાબર સમજી જીવનમાં ઉતારવામાં આવે તો માણસનું જીવન પરમ અહિંસક અને એવું શાંત બની જાય કે જેથી આ સંસાર સ્વર્ગના રૂપમાં પરિણત થતાં વાર ન લાગે. વેરવિરોધ અને મતભેદોની દિવાલો ધડાધડ તૂટી જાય અને માનવ સાચા અર્થમાં માનવ કે દેવ બની જાય.

---

આર્દ્રકુમાર : (પેજ ૨૭થી ચાલુ)

ગોશાળા જેવા તર્કવાદીઓ, તાપસો જેવા જડભરતો અને ક્રૂરમાં ક્રૂર લુંટારાઓને પણ આર્દ્રકુમારે પ્રતિબોધી મહાવીરના શાસનનો મહિમા ફેલાવ્યો. મેઘની જેમ નિરંતર વરસતા અને વાયુની જેમ અપ્રતિબદ્ધપણે વિહરતા આર્દ્રકુમારના ઉગ્ર તપ અને વૈરાગ્ય જોઈ ભલભલા તપસ્વીઓ પણ આશ્ચર્યમુગ્ધ બની જતા. વનનાં પશુ પંખીઓ પણ એ ભવ્ય મૂર્ત્તિને નીરખી પોતાના રાગદ્વેષ વિસરતાં.

ભગવાન્ મહાવીરસ્વામીના સમવસરણમાં એકવાર આર્દ્રકુમારના પ્રભાવની વાત નીકળી મંત્રી અભયકુમાર, રાજા શ્રેણીક અને આર્દ્રકુમાર પોતે પણ ત્યાં હાજર હતા. એ વખતે આર્દ્રકુમારે જ કહેલું કે "મજબૂતમાં મજબૂત બંધનોને તોડીને ફેંકી દેવા એ કંઇ બહુ દુર્ઘટ નથી. પણ સ્નેહના કાચા સુતરના તાંતણા છેદીને બહાર નીકળવું એજ ખરેખરૂં દુર્ઘટ છે." તે પછી આર્દ્રકુમારે પોતાનો ભૂતકાળ કહી સંભળાવ્યો. અભયકુમાર અને શ્રેણીક પણ આ વૃતાંત સાંભળી અત્યાશ્ચર્ય પામ્યા !

આર્દ્રકુમાર સર્વ પાપપુંજને બાળી ભસ્મીભૂત કરી કેવળજ્ઞાન પામી અંતે મોક્ષે ગયા.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

પરંતુ આ સ્યાદ્વાદના સિદ્ધાંતને વાસ્તવિક સ્વરૂપમાં સમજવો ઘણુંજ અઘરૂં કામ છે. ભલભલા દિગ્ગજ વિદ્વાનો આ સિદ્ધાંતને સમજવામાં ગોથું ખાઈ ગયા છે. કહેવાની મતલબ કે આ સ્યાદ્વાદ અનેકાંતવાદ કે નયવાદ એટલો ગંભીર વિષય છે કે તેને સમજવા માટે નિર્મળ અને તેજ બુદ્ધિની જરૂર છે. વિશેષાવશ્યક ભાષ્યમાં કહ્યું છે કે 'જેની વૃત્તિ મધ્યસ્થ હોય, જેની બુદ્ધિ અતિ નિપુણ અને ગંભીર હોય એવા શ્રોતાની આગળ નયવાદમાં વિશારદ એવા સમ્યગ્દૃષ્ટિ મુનિએ નયોનું નિરૂપણ કરવું જોઇએ.

સ્યાદ્વાદની વ્યાખ્યા કરતાં કહ્યું છે કે-

एकस्मिन् वस्तुनि सापेक्षरीत्या नाना धर्म स्वीकारो हि स्याद्वादः અથવા स्यादित्यव्ययमनेकांतद्योतकम् । ततः स्याद्वादः अनेकांतवादः नित्यानित्याद्यनेकधर्मशबलैकवस्त्वभ्युपगम इति यावत् હેમચંદ્રાચાર્યકૃત સિદ્ધહેમ શબ્દાનુશાસન સૂત્ર બીજું )

એક જ વસ્તુમાં અપેક્ષાથી નાના પ્રકારના વિરુદ્ધ ગણાતા નિત્યાનિત્યાદિ ધર્મોનો સ્વીકાર કરવો તેનું નામ સ્યાદ્વાદ. સ્યાદ્વાદનો પર્યાયવાચી શબ્દ છે અનેકાંતવાદ.

એક જ વસ્તુ નિત્ય પણ છે અને અનિત્ય પણ છે. દ્રવ્યાર્થિક નયની અપેક્ષાએ દરેક પદાર્થ નિત્ય છે અને પર્યાયાર્થિક નયની અપેક્ષાએ અનિત્ય છે. ઉદાહરણ રૂપે-સોનાની કંઠી છે, તેને તોડીને બંગડી બનાવી, બંગડી તોડીને વીંટી બનાવી, હવે અહીં કંઠીનો નાશ થઇ બંગડી બની અને બંગડીનો નાશ થઈ વીંટી બની, એમ કંઠી અને બંગડી જે સોનાના પર્યાયો છે તે અનિત્ય છે, જ્યારે તેમાં રહેલું મૂળ દ્રવ્ય જે સોનું છે તે તો તેનું તે કાયમ જ છે. એટલે મૂળ દ્રવ્ય નિત્ય છે. તેના પર્યાયો-આશરો અનિત્ય છે. કારણ કે તેમાં ફેરફાર થયા કરે છે, એટલે મૂળ દ્રવ્યની અપેક્ષાએ વસ્તુ નિત્ય છે અને પર્યાયોની અપેક્ષાએ વસ્તુ અનિત્ય છે.

સન્મતિ તર્કમાં સિદ્ધસેન દિવાકર મહારાજે ઠીક જ કહ્યું છે કે-जेण बिणा लोगस्स ववहारो सव्वथा ण णिव्वइए तस्स भुवणैकगुरुणो णमो ऽणेगंतवायस्स । જેના વિના આ સંસારનો વ્યવહાર જરા પણ ચાલી શકતો નથી તે ત્રણ ભુવનના શ્રેષ્ઠ ગુરુ અનેકાંતવાદને નમસ્કાર હો. ડગલે ને પગલે આ અનેકાંતવાદ આપણને જોઇને ચાલવાનું-બોલવાનું શિખવે છે.

卐

ઝાકળનું બિન્દુ જ્યારે કમળની પાંદડી ઉપર બેઠું હોય છે ત્યારે એ મોતીની ઉપમા પામે છે; પણ એ જ બિન્દુ જ્યારે તપેલા તવા પર બેસે છે તો બળીને અલોપ થઈ જાય છે. આમ સંત અને સજ્જનના સંગથી માણસ પણ શ્રેષ્ઠ સ્થાન પામે છે, પણ દુર્જનના સંગથી તો એનો વિનાશ જ થાય છે.

× × ×

આનંદથી ડોલતા વૃક્ષોને જોઈ મેં પૂછ્યું : 'કેમ ? આજે આટલી પ્રસન્નતાથી ડોલી રહ્યાં છો ?'

વહી રહેલી પવનની લહેરમાં આનંદનો કંપ અનુભવતાં વૃક્ષોએ જવાબ આપ્યો : 'કેમ ન ડોલીએ ? સૂર્યનો તાપ સહીને અમે પંખી અને પથિકને છાયા આપી; અમને મળેલાં ફળોનું અમે માનવીને દાન દીધું; સહનશીલતા અને દાનનો એ આનંદ અમને મસ્ત બનાવે, પછી તૃપ્તિથી અમે કેમ ન ડોલીએ ?'



For Private And Personal Use Only


Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# દેના બેંકની
# બચત યોજનાઓ દ્વારા
## આપની ભાવિ જરૂરતો પૂરી કરો





### કૅશ સર્ટિફિકેટ

આપનું મૂડી રોકાણ ૧૦ વર્ષમાં લગભગ ત્રણગણું અને ૨૦ વર્ષમાં સાતગણાથી વિશેષ થઈ રહે છે.




### ફિક્સ્ડ ડિપોઝિટ્સ

આપ જેટલી મુદત નક્કી કરો તેના પર આધારિત આપના રોકાણની રકમ પર ૧૦% સુધી વ્યાજ મળે છે.



### સમૃદ્ધિ ડિપોઝિટ યોજના

આપની બચત પર વ્યાજનું વ્યાજ મેળવીને સલામતી સાધી શકો છો.




### રિકરિંગ ડિપોઝિટ યોજના

આપની નાની માસિક બચતમાંથી મોટી મૂડીનું નિર્માણ થાય છે.

*વિગતો માટે આપની નજીકની **દેના** બેંક શાખાનો સંપર્ક સાધો.*

## દેના બેંક

(ગવર્નમેંટ ઑફ ઈંડિયા અંડરટેકિંગ)
હેડ ઑફિસ: હોર્નિમેન સર્કલ, મુંબઈ ૪૦૦૦૨૩

RATAN BATRA/DB/G/295

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમાચાર સંચય

## ૬૩ વર્ષ બાદ ભાવનગરમાં મહાન ઉપધાન તપશ્ચર્યા

પ. પૂ. આચાર્ય મહારાજ શ્રી કૈલાસસાગરસૂરીશ્વરજી મહારાજ, પૂ. આ. મહારાજ શ્રી કલ્યાણસાગરસૂરીશ્વરજી મહારાજ, મહાન વ્યાખ્યાતા મૃદુભાષી પૂ. આ. મહારાજ શ્રી પદ્મસાગરસૂરિશ્વરજી આદિ મુનિ મહારાજોની નિશ્રામાં ભાવનગર જૈન સંઘના ઉપક્રમે શેઠશ્રી પ્રાણલાલ કાનજીભાઇ દોશીની સદ્ભાવનાથી આરંભાયેલ મહાન ઉપધાન તપસ્યા ૪૭મા પૂર્ણાહુતિ દિન સાથે અષ્ટાહ્નિકા મહોત્સવનો પ્રારંભ દાદાસાહેબના ભવ્ય જીનાલયના પટાંગણમાં વિશાળ જનસમુદાયની હાજરીમાં થયેલ માગશર શુદી ૧ને રવિવારે સવારના તપસ્વીઓની શોભારૂપ ભવ્ય વરઘોડો પણ નીકળેલ હતો. માગશર શુદી ૨ને સોમવારે સિદ્ધચક્રપૂજન ભણાવેલ જેમાં મહાનવિધીકાર શ્રી બાબુભાઈ કડીવાળાએ ખાસ હાજરી આપેલ હતી. મહોત્સવ દરમ્યાન જૈન સમાજના ખાસ સંગીતકાર શ્રી નટવરલાલ નવસારી-વાળા દરરોજ રાત્રીના ભાવનામાં તથા બપોરના પૂજામાં સંગીતની રસલ્હાણ પીરસતા હતા. માગશર શુદ ૩ને મંગળવારે સવારના માળની મંગલકારી વિધી શરૂ થયેલ. માળના દિવસે બપોરના સ્વામિવાત્સલ્ય કરવામાં આવેલ.

## બોર્ડની ૭૦મી પરીક્ષાની જાહેરાત
## શ્રી જૈન શ્વેતામ્બર એજ્યુકેશન બોર્ડ-મુંબઇ
### પરીક્ષા સમય—સંવત ૨૦૩૪ પોષ સુદ ૧૩ રવિવાર
### તા. ૨૨ જાન્યુઆરી ૧૯૭૮

સંસ્થાએ નિયત કરેલ અભ્યાસક્રમ મુજબ ભારતભરમાંથી કોઈ પણ ભાઇ બહેનો આ પરીક્ષામાં બેસી શકે છે. અભ્યાસક્રમ પુરૂષ વિભાગ તથા સ્રી વિભાગ માટે એક સરખો છે. પણ ઇનામો બન્ને વિભાગના અલગ અલગ આપવામાં આવે છે. વિનીત, ભૂષણ, વિશારદ માટેની ઉચ્ચ પરીક્ષાઓ પણ લેવામાં આવે છે.

પાઠશાળા તથા બોર્ડીંગોના વ્યવસ્થાપકોને તેમજ શિક્ષક–શિક્ષીકાઓને અમારી વિનતી છે કે આગામી ૭૦મી ધાર્મિક શિક્ષણની પરીક્ષાઓમાં વધુમાં વધુ પરીક્ષાર્થીઓને બેસાડી ધાર્મિક શિક્ષણના પ્રચારના કાર્યને પ્રોત્સાહન આપશો. પરીક્ષામાં બેસવા માટે ફી રાખી નથી. હિન્દી ભાષી પરીક્ષાર્થીઓ માટે પણ સગવડતા રાખી છે.

પ્રવેશ–ફોર્મ સ્વીકારવાની છેલ્લી તા. ૩૧ ડિસેમ્બર ૧૯૭૭ છે. જરૂરી પત્ર વ્યવહાર તથા ફોર્મ અને અભ્યાસક્રમ માટે નીચેના સરનામે લખો.

**શ્રી જૈન શ્વેતામ્બર એજ્યુકેશન બોર્ડ**
૨૦ ગોડીજી બિલ્ડીંગ, બીજે માળે
વિજય વલ્લભ ચોક, કાલબાદેવી, મુંબઇ ૪૦૦ ૦૦૨
ગ્રામ : HINDSANGHA



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ૧૫૧ ઉપવાસની ઉગ્ર તપશ્ચર્યા

અ.સૌ. તપસ્વિની ધાપુબાઈ ગોલેચ્છાએ ૧૫૧ ઉપવાસની તપશ્ચર્યાનું પચ્ચક્ખાણ તા. ૨૭-૧૧-૭૭ના રોજ ઉપાધ્યાય મહારાજ સાહેબ શ્રી પુષ્કર મુનિશ્રીની નિશ્રામાં લીધું છે. તેમની તપની આવી ઉત્કૃષ્ટ ભાવના ખૂબ અનુમોદનીય છે. શાસનદેવ તેમને તપશ્ચર્યામાં સહાયરૂપ બને તેવી અભ્યર્થના.

## સંઘનું પ્રસ્થાન

સંવત ૨૦૩૪ના માગશર શુદ પહેલી ૧૦ ને સોમવાર તા. ૧૯-૧૨-૭૭ના રોજ ભાવનગર થી પાલીતાણા સુધીનો છ'રી' પાળતો સંઘ પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રી કૈલાસ-સાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબ તથા જિનભક્તિ પરાયણ પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રી કલ્યાણસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબ તથા અપ્રતિમ વ્યાખ્યાનકાર પ. પૂજ્ય આચાર્યદેવ શ્રી પદ્મસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબ આદિ મુનિ મહારાજોની શુભ નિશ્રામાં નીચે મુજબના સદ્‌ગૃહસ્થો તરફથી લઇ જવામાં આવશે.

(૧) શ્રી ચંપકલાલ અમીચંદ
(૨) શ્રી વનમાળીદાસ ગોરધનદાસ
(૩) શ્રી જયંતીલાલ કુંવરજી
(૪) વારૈયા હઠીચંદ રણછોડ

## સંકલ્પ પુરો થયો

આપણી સંસ્થાના માનવંતા સેક્રેટરી, જૈન સંઘના ઉપપ્રમુખ, બારવ્રતધારી, ધર્મનિષ્ઠ સુશ્રાવક ભગતભાઈ અમૃતલાલ રતીલાલનો પરમપાવન શાશ્વત તિર્થાધિરાજ સિદ્ધગિરિરાજની આપ્તજનો તથા સ્નેહીઓ સાથે તીર્થયાત્રા કરીને તીર્થમાળ પહેરવાનો અનેક વર્ષોથી સંકલ્પ હતો.

આ વર્ષે પ. પૂ. વ્યાખ્યાનવિશારદ, પ્રશાંતમૂર્તિ આચાર્યદેવશ્રી કૈલાસસાગરસૂરિશ્વરજી મહારાજ સાહેબની નિશ્રામાં પ. પૂ. આચાર્ય મહારાજ શ્રી કલ્યાણસાગરસૂરિશ્વરજી મહારાજ સાહેબના સાન્નિધ્યમાં સંવત ૨૦૩૪ના કારતક વદ ૫ ગુરૂવાર તા. ૧-૧૨-૭૭ના રોજ સર્વે સ્નેહી સંબંધીઓની ઉપસ્થિતિમાં તે સંકલ્પ ફળીભૂત થયો છે. અને સર્વે સંઘના આગેવાન સભ્યોની હાજરીમાં તે પ્રસંગ ખૂબજ ભાવ અને ઉલ્લાસપૂર્વક ઉજવાયો છે.

પાલીતાણામાં મહારાષ્ટ્ર ભુવનમાં સંઘનો મુકામ હતો અને અનેક સાધુભગવંતો તેમજ સાધ્વી મહારાજોનો અનુપમ લાભ મળ્યો છે. જૈન ધર્મની શાસન પ્રભાવનાના આવા અનેરા કાર્યો કરવાની પરમાત્મા તેમને પ્રેરણા આપે અને તેમના આવા પ્રસંગોએ આપણી સર્વેની ખૂબ જ હાર્દિક અનુમોદના.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


આપના ધંધાની પ્રગતિ અને વિકાસ માટે

## 'આત્માનંદ પ્રકાશ'માં જાહેરાત આપો.

છેલ્લા બોત્તેર વર્ષથી 'આત્માનંદ પ્રકાશ' જૈન સમાજની અવિરતપણે સેવા કરી રહ્યું છે.

*

મુંબઈ, કલકત્તા, બેંગ્લોર વગેરે મોટા ધંધા અને ઉદ્યોગના ધામો સુધી આ માસિકના ગ્રાહકો છે.

*

ધર્મ, તત્ત્વજ્ઞાન અને ચારિત્ર ઘડતર માટેની સુંદર કથાઓ વાચકોને પીરસવામાં આવે છે.

*

વધુ વિગત માટે લખો :
**શ્રી જૈન આત્માનંદ સભા**
**ખારગેટ, ભાવનગર**

*

વાર્ષિક ૩૦ ફોર્માનું વાંચન વાર્ષિક માત્ર છ રૂપિયાના લવાજમમાં તમારે ઘરે પહોંચતું કરવામાં આવે છે.

*

### * જાહેર ખબરના દર *

| | એક વખતના રૂા. | વાર્ષિક (દશ અંકોમાં) રૂા. |
|---|---|---|
| ટાઈટલ પેજ (છેલ્લું) ચોથું. (આખું પાનું) | ૧૦૦) | ૮૦૦) |
| ટાઈટલ પેજ નં. ૨ અથવા નં. ૩ આખું પાનું | ૭૫) | ૬૦૦) |
| અંદરનું આખું પાનું | ૫૦) | ૪૦૦) |
| અંદરનું અર્ધું પાનું | ૩૦) | ૨૨૫) |
| અંદરનું પા પાનુ | ૨૦) | ૧૫૦) |

સૌ શુભેચ્છકોને સહકાર આપવા વિનંતિ.

—મંત્રીઓ


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




## —: અમૂલ્ય પ્રકાશન :—

અનેક વરસોની મહેનત અને સંશોધનપૂર્વક પરમ પૂજ્ય વિદ્વાન
મુનિરાજશ્રી જંબુવિજયજીના
વરદ્ હસ્તે સંપાદિત થયેલ અજોડ અને અમૂલ્ય ગ્રંથ

# 'દ્વાદશારં નયચક્રમ્ દ્વિતીય ભાગ'

બહાર પડી ચૂક્યો છે, વેચાણ શરૂ થઈ ગયેલ છે.

આ અમૂલ્ય ગ્રંથ જેમાં નયોનું અદ્‌ભુત વર્ણન છે તે દરેક સાધુ મુનિરાજો તથા સાધ્વીજી મહારાજ માટે અતિ ઉપયોગી ગ્રંથ છે. દરેક ગૃહસ્થોએ અને સમાજની દરેક લાયબ્રેરી માટે વસાવવો જોઇએ.

આ ગ્રંથ માટે પરમપૂજ્ય આચાર્યશ્રી **વિજયધર્મસૂરીશ્વરજી** મહારાજ જણાવે છે કે–

ભાવનગર શ્રી જૈન આત્માનંદ સભાએ આ પુસ્તકનું પ્રકાશન કર્યું તે એક મોટા ગૌરવની વાત છે, જે વિદ્વાન મુનિ મહારાજો, સાધ્વીજી મહારાજો તથા શ્રાવકો તેમજ શ્રાવિકાઓને જૈન દર્શનના અભ્યાસ માટે ખૂબ જ ઉપયોગી નીવડશે.

ભારતભરમાં અનેક જૈન સંસ્થાઓ છે. તેઓએ પ્રગટ કરેલા પુસ્તકોમાં આ 'દ્વાદશારં નયચક્રમ્'ને શ્રેષ્ઠ સ્થાને મૂકી શકાય તેમ છે. તે માટે શ્રી જૈન આત્માનંદ સભાને ધન્યવાદ ઘટે છે.

**ડૉ. આદિનાથ ને. ઉપાધ્યે** જણાવે છે કે–મુનિશ્રી જંબુવિજયજીની આ આવૃત્તિની પોતાની અનેક વિશેષતાઓ છે. શ્રી જંબુવિજયજીએ મૂળ ગ્રંથનો વિગતપૂર્ણ અભ્યાસ કરેલ છે. તેમણે લખેલી ટિપ્પણીઓ મહત્વપૂર્ણ અને વિદ્વતા ભરેલી છે, સંશોધનની દષ્ટિથી મૂલ્યવાન છે. ન્યાયગ્રંથની એક આદર્શ રીતે સંપાદિત આવૃત્તિ માટે હું મુનિશ્રી જંબુવિજયજીને મારા આદરપૂર્ણ અભિનંદનોથી નવાજું છું.

(કીંમત રૂા. ૪૦-૦૦ પોસ્ટ ખર્ચ અલગ)

લખો—

**શ્રી જૈન આત્માનંદ સભા : ખારગેટ, ભાવનગર**


તંત્રી : શ્રી ગુલાબચંદ લલુભાઈ શાહ, શ્રી આત્માનંદ પ્રકાશ તંત્રી મંડળ વતી
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર
મુદ્રક : શ્રી ગિરધરલાલ ફૂલચંદ શાહ. સાધના મુદ્રણાલય, દાણાપીઠ : ભાવનગર

For Private And Personal Use Only